પૂરતી સુવિધા - માન્યતા વગરની શૈક્ષણિક સંસ્થાઓ ધમધમાવનારા સંચાલકો, ચેતી જજો

ડેન્ટલ કોલેજના દાંત ખાટા : ગ્રાહક સુરક્ષા હેઠળ વળતર ચુકવવા સુપ્રિમનો આદેશ

બિહારની કોલેજે પ્રચારના જુઠાણા ચલાવીને વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધેલા ● વ્યાજ સાથે ફી પરત કરવા, દરેક છાત્રને ૨૦,૦૦૦ વળતર અને દાવાનો ખર્ચ ચુકવવા આદેશ ● માન્યતાની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે એડમિશન ન આપો : સુપ્રિમ

ધો. ૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં એડમિશનની મૌસમ અત્યારે પુરબહારમાં ચાલી રહી છે. અખબારોમાં દેશભરની કોલેજોની પ્રવેશ જાહેરાતો ઉભરાઇ રહી છે. વરને કોણ વખાણે ? વરની મા ! એ કહેવત મુજબ દરેક શૈક્ષણિક સંસ્થાની જાહેરાતમાં વાલીઓને આકર્ષવા જાતજાતના અને કોઇ કિસ્સામાં જુઠ્ઠા દાવાઓ પણ થતા હશે જાહેરાતમાં લલચામણા અને વિદ્યાર્થી - વાલીઓને ગેરમાર્ગે દોરી લાખો રૂપિયા ખંખેરી લઇને પણ વિદ્યાર્થીની કારકિર્દી રોળી નાખનાર બિહારની એક કોલેજના સંચાલકોને સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જ સેવાઓમાં ખામી બદલ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ભારે દંડ ફટકાર્યો છે. વાલીઓ અને જુઠ્ઠા દાવાઓ કરી વિદ્યાર્થીઓ (કોલેજ સંચાલકોની દ્રષ્ટિએ ગ્રાહકો)ને આકર્ષવા પ્રયત્ન કરતી શૈક્ષણિક સંસ્થાઓને લાલબત્તી સમાન આ કેસની વિગતો પ્રસિધ્ધ કરી છે.

તા. ૨૫-૭-૧૯૯૩ના ધ હિન્દુસ્તાન ટાઇમ્સ અખબારમાં વિશ્વ બુધ્ધ પરિષદ સંસ્થા દ્વારા સ્થાપિત અને સંચાલિત 'બુધ્ધ મિશન ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ'માં ચાર વર્ષીય બી.ડી.એસ. કોર્સ માટેની પ્રવેશ જાહેરાત પ્રસિધ્ધ થયેલ. જાહેરાતમાં આ કોલેજ મગધ યુનિવર્સિટી અને ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડીયાની માન્યતા ધરાવતી હોવાનું પણ જણાવાયેલ તે ઉપરાંત એડમિશન માટે કોઇ કેપીટેશન ફી ન લેવાતી હોવાનું પણ જણાવાયેલ.

આ કોલેજ સામે વળતરનો દાવો માંડનાર વિદ્યાર્થીઓએ તેમના દાવામાં જણાવ્યા મુજબ, જાહેરાત વાંચીને તેઓ એડમિશન લેવા ગયા ત્યારે સંચાલકોએ તેમને કોલેજ લાઇબ્રેરી, લેબોરેટરી, એનેટોમી મ્યુઝીયમ, જરૂરી તમામ સાધનો, ફર્નીચર સાથેની હોસ્ટેલ અને ક્વોલીફાઇડ સ્ટાફથી સજ્જ હોવાનું જણાવેલ અને તેમને અપાયેલ પ્રોસ્પેક્ટસમાં કોલેજ મગધ યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોવાનું અને ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની માન્યતા ધરાવતી હોવાનું જણાવાયેલ. જાહેરાતમાં કોઇ જાતની કેપીટેશન ફી નહીં લેવાનું જણાવાયું હોવા છતાં એડમિશન માટે રૂા. ૧,૦૦,૦૦૦ રોકડમાં લેવાયા હતા જેના માટે કોઇપણ પ્રકારની રસીદ અપાયેલ નહોતી.

એડમિશન લઇ લીધા પછી થોડા જ વખતમાં વિદ્યાર્થીઓને ખ્યાલ આવી ગયો કે તેઓ જાળમાં ફસાઇ ગયા છે. કારણ કે સંચાલકોએ જે સુવિધાઓના દાવા કર્યા હતા તે બધા ખોટા હતા. સુવિધાઓના અભાવથી પણ વધુ આઘાતજનક અને ચિંતાપ્રેરક હકીકત એ હતી કે કોલેજ મગધ યુનિવર્સિટી સાથે જોડાણ કે ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની માન્યતા પણ ધરાવતી નહોતી. વિદ્યાર્થીઓની રજૂઆતો સામે સંચાલકો ઠાલા આશ્વાસનો આપતા રહ્યા કે થોડા જ વખતમાં બધી સુવિધાઓ અને કોલેજને માન્યતા મળી જશે. પલાળ્યું એટલે મૂંડાવ્યા વિના છુટકો નથી અને હવે બીજે એડમિશન પણ ક્યાં મળે એમ વિચારીને દાવેદારોને ભણવાનું ચાલુ રાખ્યું પરંતુ વર્ષ પૂરૂં થયું ત્યારે તેમના પર ઓર એક વજ્રઘાત થયો. વર્ષને અંતે લેવાવી જોઇતી પરીક્ષા જ ન લેવાઇ અને નજીકના ભવિષ્યમાં પરીક્ષા લેવાય તેવા પણ કોઇ અણસાર નહોતા. એડમિશન વખતે આપેલ રૂપિયા એક લાખની પહોંચ આપતા અવાર-નવાર માંગણી કરાતાં કોલેજે તેમનું એડમિશન જ રદ કરી નાંખવાની ધમકી આપી !

ચેતતા વાલી સદા સુખી

આ સંજોગોમાં ધુંધવાયેલા અને ગંભીર માનસિક આઘાત પામેલ ભૂપેશ ખુરાના અને બીજા વિદ્યાર્થીઓએ મળીને કોલેજ સામે 'નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશન'માં સેવાઓની ખામી બદલ વળતર અપાવવા અને એક લાખ રૂપિયા પરત અપાવવા દાવો દાખલ કર્યો. કમિશને ચુકાદો આપતાં કોલેજને હુકમ કર્યો કે (૧) તમામ દાવેદારોને એડમિશન પેટે લીધેલ ફી, ફી લીધાની તારીખથી પરત ચુકવાય નહીં ત્યાં સુધીના સમયગાળા સુધીનું વાર્ષિક ૧૨ ટકા વ્યાજ ગણીને વ્યાજ સહિત પરત આપવી (૨) બે વર્ષ સુધી ભણવા પાછળ થયેલ ખર્ચાના વળતર તરીકે દરેક દાવેદારને રૂા. ૨૦,૦૦૦ ચુકવી આપવા. (૩) કેપીટેશન ફી કે ડોનેશન તરીકે આપેલ રૂા. એક લાખની રસીદ ન હોવાથી પરત આપવા બાબત કમિશને હુકમ ન કર્યો પરંતુ દાવા પાછળ થયેલ ખર્ચ પેટે રૂા. ૧૦,૦૦૦ ચુકવવા તેવો આદેશ આપ્યો.

કમિશનના હુકમ સામે કોલેજ અપીલમાં ગઇ સામે પક્ષે દાવેદારોને પણ કમિશનના હુકમથી સંતોષ ન થતાં સુપ્રિમ કોર્ટમાં વળતી અપીલ દાખલ કરી. કેસ ચાલ્યો ત્યારે કોલેજના એડવોકેટોની પેનલે એવી બચાવ રજુ કર્યો કે કોલેજે યુનિવર્સિટી સાથે જોડાણ કરવા અને ડેન્ટલ કાઉન્સિલની માન્યતા મેળવવા પ્રયત્નો કર્યા છે. તે ઉપરાંત પરીક્ષા લેવાય તે માટે પણ પ્રયત્નો કર્યા છે એટલે ગ્રાહક સુરક્ષા ધારામાં થયેલ સેવાઓમાં ખામી અંગેની વ્યાખ્યા મુજબ દાવેદારોની માંગણીમાં વજૂદ નથી.

પરંતુ કોલેજની આ દલીલ ફગાવી દેતાં સુપ્રિમ કોર્ટે પાયાની વાત પર ભાર મૂકતાં કહ્યું કે જાહેરાત આપતા સમયે કોલેજ મગધ યુનિવર્સિટી સાથે જોડાણ કે ડેન્ટલ કાઉન્સિલની માન્યતા નહોતી ધરાવતી અને એ જાણતા હોવા છતાં સંચાલકોએ એડમિશન આપ્યા છે જે ખરેખર નહોતા આપવા જોઇતા. આ બાબત સ્પષ્ટ રીતે જ ગ્રાહક સુરક્ષા ધારા મુજબ સેવાઓમાં ખામીની વ્યાખ્યામાં આવી જાય છે. બંને પક્ષના એડવોકેટોની દલીલો સાંભળીને અંતે કોલેજ સંચાલકોની અપીલ ફગાવી દઇને દાવેદાર વિદ્યાર્થીઓનો દાવો માન્ય રાખી સુપ્રિમ કોર્ટે હુકમ કર્યો કે (૧) નેશનલ કમિશને કરેલ હુકમ મુજબનું વળતર મેળવવા દાવેદારો હકદાર છે. (૨) વધુમાં સંસ્થાએ દરેક દાવેદારને રૂપિયા એક લાખ વળતર પેટે ચુકવી આપવા (૩) દાવા પાછળ થયેલ ખર્ચના વળતર પેટે પણ દરેક દાવેદારને રૂપિયા એક લાખ ચુકવવા.

કેસના પ્રોસિડિંગ્ઝ દરમ્યાન અખબારમાં પ્રસિધ્ધ થયેલ પ્રવેશ જાહેરાત પણ રજૂ થયેલ જે વાંચીને કોર્ટે પણ જાહેરાતમાં જણાવાયેલ વિગતો ગેરમાર્ગે દોરનાર હોવાનું સ્વીકારેલ. સવાલ એ છે કે કોર્ટે તો કાનૂન દાયરામાં રહીને વિદ્યાર્થીઓને (દાવો માંડનાર વિદ્યાર્થીઓને જ) આર્થિક વળતર તો અપાવ્યું પણ વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવાના અમૂલ્ય વર્ષો બરબાદ થયા તેનું શું ?(૨૧.૪)

આઇ.ટી.આઇ.ના અભ્યાસને લગતો કાર્યક્રમ કાલે ઇટીવી ગુજરાતી અને રવિવારે ટીવી-૯માં

રાજકોટ, તા. ૩ :. આઇ.ટી.આઇ.ના વિવિધ અભ્યાસક્રમો, ભવિષ્યની ઉજ્જવળ તકો સહિતની સઘળી વિગતોને આવરી લેતો કાર્યક્રમ આવતીકાલે તા. ૪ ને શનિવારે સાંજે ૬-૩૦ ઇટીવી ગુજરાતી પર તથા તા. ૫ને રવિવારે સાંજે ૬-૩૦ કલાકે 'ટીવી નાઇન' ચેનલ પર પ્રસારિત થશે. રાજ્યના બહોળા વિદ્યાર્થી અને વાલીવર્ગને ઉપયોગી થનાર આ કાર્યક્રમ નિહાળવા રોજગાર અને તાલીમ વિભાગની રાજકોટ સ્થિત પ્રાદેશિક કચેરી (તાલીમ) દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.(૫-૮)

આજે ૧૨૦૦ પોલીસ કર્મચારીઓ ગાંધીનગરમાં ચમત્કારોના પાઠ ભણશે

વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ

રાજકોટ તા. ૩ : ગુજરાત પોલીસ અકાદમી કરાઇ, ગાંધીનગર ઉપક્રમે તાલીમ માટે આવેલા પોલીસ કર્મીઓ, પરિવારના સદસ્યોમાં અંધશ્રધ્ધા નિવારણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ આજે તા. ૩ના શુક્રવારે સાંજે ૬ કલાકે પોલીસ સ્ટેડીયમમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડયા અંધશ્રધ્ધા, ચમત્કારો, ભૂત-પ્રેત, છાયો, ડાકણ ડિંડકલીલા વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવશે.

રાજ્યમાંથી પસંદગી પામેલા કરાઇમાં ૧૩૦ સ.પો.સ.ઇ., ૧૨૦૦ અનાર્મ પોલીસ, ૩૨ બેન્ડ તાલીમ પોલીસને જાથા ચમત્કારોના રહસ્યની જાણકારી આપી વિજ્ઞાન અભિગમના પાઠ ભણાવશે.

આ પ્રસંગે પ્રિન્સીપાલ વી.કે.મલ્લ આઇ.જી.ના માર્ગદર્શન નીચે ડીવાયએસપી સુધા પાન્ડેય, ડીવાએસપી વી.ટી.નાવલે, પો.ઇન્સ. એફ.એ.શેખ, પો.ઇન્સ. શ્રી રાઠોડ સહિત સાત પી.આઇ., ફોજદારો કાર્યક્રમની તૈયારી રહી રહ્યા છે, કાર્યક્રમનું ઉદ્ઘાટન વિનોદકુમાર મલ્લ કરશે. જાથાના ગીરીશ વાળા, હિમેશ રાવ, ગુલાબસિંહ ચૌહાણ, તુષાર, દેવરાજ ભોજાણી પ્રયોગમાં ભાગ લેનાર છે.(૨૧.૧૨)

રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળની રવિવારે વાર્ષિક સભા

(સ્થાપના : ૮-૧૦-૧૯૯૯)

રાજકોટ, તા.૩ઃ આહીર કર્મચારી (કર્મયોગી) મંડળ રાજકોટની ૧૫મી વાર્ષિક સાધારણ સભા તા.૫ના રવિવારે ગાર્ડન પરોઠા હાઉસ, આર.ટી.ઓ.ની બાજુમાં રાજકોટ ખાતે યોજવામાં આવી છે. સવાર ૯ વાગ્યાથી પ્રારંભ થનાર આ સભામાં નાણાકીય હિસાબો અને મંડળની કામગીરીની રૂપરેખા રજુ થશે ત્યાર બાદ આગામી વર્ષ માટે નવા હોદ્દેદારો-કારોબારીની વરણી કરવામાં આવશે. કર્મચારી પરિવારના બાળકો માટે રમત ગમત સ્પર્ધાનું પણ આયોજન થયું હોવાનું રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળના પ્રમુખ શામળાભાઇ ગોગરા અને મંત્રી ચંદુભાઇ મિયાત્રાની યાદીમાં જણાવાયું છે.(૧૨.૩)

યોગ-પ્રયોગ : ૬૯૬

યોગસૂત્ર

સાધનપાદ - ૧ (બ)

ક્રિયા યોગ જીવનને અક્રિયામાં લઇ જવામાં સહયોગી બને છે. ચેતનાનું સ્વરૂપ અક્રિયા છે. શુભક્રિયામાંથી અક્રિયામાં જઇ શકાય છે. ક્રિયાયોગ મનના જોડાણ સાથે થવો જોઇએ. ક્રિયાયોગનું પહેલું અંગ છે - તપ. જેની વાત આપણે પહેલા કરી. હવે સ્વાધ્યાય ઉપર પ્રયોગ કરીએ.

પ્રયોગ : તપસ્વી વ્યકિત સ્વાધ્યાય કરી શકે, સ્વાધ્યાય એટલે કોઇ એક ગ્રંથનું વાંચન કરવું અને પછી તેના પર આત્મનિરીક્ષણ કરવું. આત્મનિરીક્ષણ એ સ્વ-અધ્યાય છે. જટિલ માણસ સ્વનિરીક્ષણ નહીં કરી શકે. કેમકે એની પાસે સ્વાધ્યાયનો સમય અને ઉર્જા નથી હોતી. સૂતા પહેલા સ્વયંનું નિરીક્ષણ જરૂર કરો.

લાભ : દુઃખ મુક્તિ, સમાધિની અનુભૂતિ, સ્વ-પરિવર્તન.

શ્રી શ્રુતપ્રજ્ઞ સ્વામીજી

પીસ ઓફ માઇન્ડ ફાઉન્ડેશન - 'આભાવલય',
જામનગર રોડ, વિનાયક વાટિકા, રાજકોટ

ઇ-મેઇલ : anuvrat8@ yahoo.com, મો. : ૯૪૨૭૩ ૬૬૧૬૪

પત્ર વ્યવહાર : એ-૩, સ્વપ્નલોક, ધર્મનગર-૪, રૈયા રીંગ રોડ, રાજકોટ.

પ્રયોગો કરતા પૂર્વે નિષ્ણાંતોની સલાહને અનુસરવું વધારે લાભદાયી રહેશે

વિશ્વ લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ

રાજકોટ લોહાણા મહાજનના ઉપપ્રમુખ વીણાબેન પાંધીનો આજે જન્મદિવસ

રાજકોટ, તા.૩ઃ આજે વિશ્વ લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષ રાજકોટ લોહાણા મહાજનના ઉપપ્રમુખ એવા પીઢ મહિલા અગ્રણી વીણાબેન પાંધીનો જન્મ દિવસ હોવાથી દેશભરની મહિલા સંસ્થાઓ સહિતની મહાજન સંસ્થાઓતથા જ્ઞાતિની વિવિધ પાંખ દ્વારા તેમના પર જન્મ દિવસની પૂર્વ સંધ્યાથી જ અભિનંદનનો ધોધ વરસી રહ્યો છે.

વીણાબેન મોતીલાલ પાંધીનો જન્મ તા.૩-૭-૧૯૪૦ના રોજ થયેલ. ભાગલા સમયે ૭ વર્ષની ઉંમરે રાજકોટ આવીને કર્મભૂમિ બનાવનાર વીણાબેન ૭૬થી ૧૯૯૮ સુધી મહિલા કોલેજના ગ્રંથપાલ તથા યુનિ.ના ગ્રંથાલય શાસ્ત્રના વીઝીટીંગ પ્રોફેસર પદે સેવા આપનાર આ પીઢ મહિલા અગ્રણીએ પોતાની કુનેહથી રાજકોટ રામકૃષ્ણ લાયબ્રેરી-લેંગલાયબ્રેરીને કલાસીફાઇ કેટલોગી કરી આપેલ.

ત્રણ દશકાથી વિશેષ સમયનું જાહેર જીવનનું સેવાભાથું ધરાવતાં વીણાબેન સખી મહિલા મંડળના પ્રમુખ, મહિલા વિકાસ ગૃહના સલાહકાર સહિત ૧ ડઝનથી વધુ સંસ્થામાં સેવા આપે છે અને સાત મહિલા શાખાનું તેઓ અદભૂત સંચાલન કરી રહ્યા છે. તેમના પર અભિનંદનના અમી છાંટણા (મો.નં.૯૮૨૫૦-૯૦૩૦૮ અને ૨૫૭૬૩૮૫ (રેસી.) પર સતત વર્ષી રહ્યા છે.(૧૨.૩)

આજના શુભ દિવસે...

વિનુભાઇ જગડા ● ઇન્દુબેન જગડા
મો.૯૮૭૯૫ ૭૯૩૪૧

તમારી સાથે કોઇએ દુર્વ્યવહાર કર્યો હોય તો તે રેતી પર લખો અને તમારા ઉપર કોઇએ ઉપકાર કર્યો હોય અને સદવ્યવહાર કર્યો હોય તો તે આરસની તકતી પર કોતરાવી દયો.

અનુસુચિત જાતીના વિદ્યાર્થી સન્માનાશે

અ.ભા. બૌધ ધમ્મ સંઘ એન્ડ એજ્યુ. ટ્રસ્ટની યાદી મુજબ ધો.૧૦ અને ધો.૧૨માં ઉંચી ટકાવારી પાત્ર કરનારા ભાઇ બહેનોને સંસ્થા દ્વારા ભેટ, શિલ્ડ, પ્રમાણપત્ર આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ ટ્રસ્ટના કાર્યાલય, કૃષ્ણનગર મેઇન રોડ, ગુરૂપ્રસાદ ચોક, ગોકુલ છાત્રાલયના મકાનમાં સંસ્થાના મંત્રીનો, માર્કશીટની ઝેરોક્ષ-બે, બે ફોટા સાથે સંપર્ક કરવો વધુ વિગત માટે મો.નં.૯૪૨૮૨ ૯૮૭૯૩ ઉપર સત્વરે સંપર્ક કરવો.

દુઃખદ અવસાન - ઉપલેટા

અમારા પૂજ્ય મોટાભાઇ સ્વ.શ્રી હસમુખભાઇ મુળજીભાઇ અઘેરા (ઉ.વ.૫૫) તા. ૦૧/૦૭/૨૦૦૯ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

સદ્ગતનું બેસણું : તા. ૦૪/૦૭/૨૦૦૯ને શનિવારનાં સાંજે ૪ થી ૬ અમારા નિવાસ સ્થાને, ૨-લાતી પ્લોટ, ઉપલેટા ખાતે રાખેલ છે.

સદ્ગતનાં આત્માને ઇશ્વર ચિર-શાંતિ અર્પે તેવી અભ્યર્થના સહ...

સ્વ.શ્રી હસમુખભાઇ મુળજીભાઇ અઘેરા
સ્વ.: ૦૧/૦૭/૦૯, બુધવાર (ઉપલેટા)

લી. કમલેશભાઇ મુળજીભાઇ અઘેરા
ગં.સ્વ. ચંદ્રીકાબેન હસમુખભાઇ અઘેરા
નિમેષકુમાર હસમુખભાઇ અઘેરા
તથા અઘેરા પરીવારનાં જયશ્રી કૃષ્ણ

દુઃખદ અવસાન-બેસણું

અમદાવાદના બાપુનગરના સિનીયર પોલીસ ઇન્સ્પેકટર કિશોરસિંહજી ભૂપતસિંહજી ઝાલાનું તા.૧-૭-૦૯ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૪-૭-૦૯ને શનિવારના રોજ સાંજે ૫ થી ૬-૩૦ સુધી ખોડિયાર કૃપા, ૩૭/બી બ્રહ્મસમાજ સોસાયટી, તિરૂપતીનગર, શેરી નં.૭ કોર્નર, રૈયા રોડ, રાજકોટ ખાતે.

સ્વ. કિશોરસિંહજી ભુપતસિંહજી ઝાલા
પોલીસ ઇન્સ્પેકટર અમદાવાદ
(ગામઃ ધનડારાજ, તા.હળવદ)

લી. બનેસિંહ જટુભા ચુડાસમા (સસરા)
દિગુભા જટુભા ચુડાસમા (કાકાજી સસરા)
નરેન્દ્રસિંહ બનેસિંહ ચુડાસમા (સાળા, પોલીસ ઇન્સ્પેકટર ભરૂચ)
હિંમતસિંહ બનેસિંહ ચુડાસમા (સાળા, તલાટી કમ મંત્રી રાજકોટ)
સંદીપસિંહ નરેન્દ્રસિંહ ચુડાસમા (ભત્રીજા સી.આઇ.ડી.ક્રાઇમ રાજકોટ)

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

જીવનભર પુરૂષાર્થના માર્ગ પર પ્રમાણિકપણે કાર્ય કરી શૂન્યમાંથી સર્જન કર્યુ તેમજ પરિવાર માટે ફુલો પાથર્યા. આપની હયાતિ અમારા માટે સીડી છાંયા હતી. આપનું સાદગી ભર્યુ જીવન અને ઉચ્ચ સિધ્ધાંતોનું જીવનભર પાલન કરવાની શીખ અમારા માટે પ્રેરકબળ છે.

સ્વ. ડો. ભાનુબેન કે. લહેરૂ
જન્મ તા. ૧૦-૧૨-૧૯૨૩
સ્વ. તા. ૩-૭-૨૦૦૮

લી.

ડો. બીપીન કે. લહેરૂ	અ.સૌ. ઉર્મિ બી. લહેરૂ
ધ્વનિશ પી. લહેરૂ	ગં.સ્વ. પ્રવિણાબેન પી. લહેરૂ
ડો. વિરલ બી. લહેરૂ	હંસાબેન બી. પંડયા
નિશિથ બી. લહેરૂ	હેતલ વી. ખીરા
મહેન્દ્ર કે. લહેરૂ	નેહલ એચ. સાતા

અનિરૂધ્ધ એલ. વાડિયા (હાપા)
લહેરૂ પરિવાર તથા સમસ્ત સારસ્વત મહાસ્થાન -મોરબી.

બીપીન વ્યાસ (BMV) 94282 13282

દુઃખદ અવસાન - બેસણું

મારા ધર્મપત્નિ શ્રી શાંતાબેન લાલજીભાઇ કંટારીયા ઉ.વ. ૭૫ નું તા. ૨-૭-૨૦૦૯ ને ગુરૂવાર ના રોજ રાજકોટ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદ્ગતનું બેસણું - રાજકોટ

તારીખ : ૪-૭-૦૯, શનિવાર, **સમય :** સાંજે ૫ થી ૬-૩૦
સ્થળ : ' શિવમંદિર' શિવનગર, એચ. જે. દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, રાજકોટ.

સ્વ. શાંતાબેન લાલજીભાઇ કંટારીયા
સ્વ. તા. ૨-૭-૦૯ (અગીયારસ)
(જામજોધપુર વાળા)

લાલજીભાઇ નથુભાઇ કંટારીયા
વિનોદભાઇ લાલજીભાઇ કંટારીયા
મિત વી. કંટારીયા ● ઇશાન વી. કંટારીયા
તથા કંટારીયા પરીવારના જય શ્રીકૃષ્ણ....
સુર્યા ગ્રાફીકસ - રાજકોટ.

SAMRAT

અવસાન નોંધ

કસ્તુરબેન બાવડેચા

રાજકોટ,: ગુર્જર સુથાર કસ્તુરબેન કરશનદાસ બાવડેચા (ઉ.વ.૧૦૧) તે અમુભાઇ, સ્વ.ગોવિંદભાઇ, લવજીભાઇ, અરવિંદભાઇના માતુશ્રીનું તા.૧ના અવસાન થયેલ છે. સ્વ.નું બેસણું આજે તા.૩ના સાંજે ૫ થી ૭, શ્યામ હોલ, નહેરૂનગર મેઇન રોડ (૮૦ ફૂટ), બાબરીયા કોલોની પાસે રાખેલ છે.

સરલાબેન મહેતા

રાજકોટ,: ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ સ્વ.જયસુખલાલભાઇ હરિલાલભાઇ મહેતાના પત્ની સરલાબેન તે જયેશભાઇ, કૈલાશભાઇ, તૃપ્તીબેનના માતુશ્રી તથા અતુલકુમાર મહેશભાઇ જાનીના સાસુ, મધુસુદનભાઇ, વિશ્વનાથભાઇ, નવિનચંદ્રભાઇ પ્રફુલ્લચંદભાઇ, હરગોવિંદભાઇ જોષી (આંકલવાડી ગીર)ના બહેન તા.૨ના કૈલાશવાસી થયેલ છે. સ્વ.નું બેસણું આજે તા.૩ના, શિહોરી કૃપા, ૩-૧૭, નવલનગર, મવડી પ્લોટ, બંધ ગલી, જરીયા પાનવાળી શેરી, ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.(૧૨.૪)

મગનલાલ રામૈયા

રાજકોટ,: કરાંચીવાળા હાલ રાજકોટ ઠા.સ્વ.મગનલાલભાઇ પિતાંબરદાસભાઇ રામૈયા (ઉ.વ.૮૦) તે સ્વ.રમેશભાઇ, હર્ષદભાઇ, પ્રફુલભાઇના પિતાશ્રીતથા પરમાનંદભાઇ, સ્વ.જેન્તીભાઇ, ચેતનભાઇના મોટાભાઇનું તા.૨ના અવસાન થયેલ છે. સ્વ.નું ઉઠમણું તથા સાદડી તા.૩ના સાંજે ૫-૩૦ વાગ્યે, કાશી વિશ્વનાથ મહાદેવજી મંદિર, ૧, કાશી વિશ્વનાથ પ્લોટ, સદર ખાતે રાખેલ છે.(૧૨.૪)

કંચનબેન તન્ના

રાજકોટ,: કંચનબેન હિંમતલાલ તન્ના (ઉ.વ.૭૮) તે હિંમતલાલ ટપુભાઇ તન્ના (ધરાઇ વાવડી)ના ધર્મપત્ની તેમજ પ્રદિપકુમાર તન્નાના માતુશ્રીનું તા.૧ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૩ના સાંજે ૫ થી ૬ સુરત મુકામે લોહાણા મહાજનવાડીમાં રાખેલ છે.(૧૨.૩)

નવનીતરાય દોશી

જસદણ,: મોઢ માંડલીયા વણિક નવનીતરાયભાઇ નાગરદાસભાઇ દોશી (ઉ.વ.૬૫), તે ટપુભાઇ કલ્યાણી (કાપડવાળા)ના જમાઇ તેમજ ભુપેન્દ્રભાઇ કલ્યાણી તથા લલીતભાઇ જસદણવાળાના બનેવીનું તા.૨જીએ મુંબઇ મુકામે અવસાન થયું છે. સાદડી તા.૪ના રોજ શનિવારે સાંજે ૫ થી ૬ મોઢ વણિક સમાજની વાડી શાક માર્કેટ રોડ જસદણ ખાતે રાખેલ છે.(૧૨.૨)

મંગળાબેન રાજાણી

જુનાગઢ.: મંગળાબેન દેવીદાસ રાજાણી (ઉ.વ.૭૨) તે દેવીદાસ રાજાણીના પત્ની દિનેશભાઇ અનીલભાઇ સ્વ. કિરીટભાઇ, હિતેન્દ્રભાઇ જગદીશભાઇ અને મુકેશભાઇ તથા રેખાબેનના માતુશ્રી તથા મહેન્દ્રકુમાર મોહનભાઇ દાસાણીનાં સાસુનું અવસાન થયેલ છે. ઉઠમણું તા.૪ શનિવારે સાંજે ૪:૩૦ થી ૫:૩૦ તેમના નિવાસ સ્થાન એ-૧૦ અમૃતજલ, નહેરૂપાર્ક સોસાયટી, હર્ષદની સામે, બસસ્ટેશન પાસે રાખેલ છે.(૧૧.૨)

કુંવરબેન હિરપરા

આટકોટઃ હાલ ગોંડલ ઇન્ચાર્જ નાયબ મામલતદાર એ.વી. હિરપરા તથા રવજીભાઇના માતુશ્રી કુંવરબેન (ઉ.વ.૮૦) તે જય અંબે એજન્સીવાળા મનસુખભાઇ તથા જગદંબા ઇલેકટ્રીકલ્સવાળા ચંદુભાઇના દાદીમાનું તા. ૨ જીએ અવસાન થયેલ છે.

રમાબેન ગોવિંદીયા

ગોંડલ : ગોવિંદીયા (ગુર્જર સુતાર) ગં.સ્વ. રમાબેન ગોરધનભાઇ (ઉ.વ.૮૩) તે અનિલભાઇ અને સતિષભાઇ (એપેક્ષ બેરીંગ)ના માતુશ્રી અને મયંક, વિવેક, ત્રિલોક તથા હેતવીના દાદીમાંનું તા. ૨ના રોજ અવસાન થયેલ છે. બેસણું : શનિવાર સાંજે ૫ થી ૬, મેવાડા સુતાર જ્ઞાતિની વાડી ડો. માથુકીયા હોસ્પિટલ વાળી શેરી, ગોંડલ ખાતે રાખેલ છે.(૬.૧૦)

ભગવાનદાસ દોશી

રાજકોટ : મોઢ વણિક ભાડલાવાળા હાલ મુંબઇ ભગવાનદાસ શિવલાલ દોશી (ઉ.વ.૮૫) તે દલસુખભાઇ, મનસુખભાઇ (રાજકોટ) અને જયસુખભાઇ (અમરેલી)ના મોટાભાઇનું તા.૧ના મુંબઇ મુકામે અવસાન થયેલ છે. તેમની સાદડી તા.૪ના શનિવારે સાંજે ૪ થી ૬ મોઢ વણિક વિદ્યાર્થીભુવન, ૫-રજપૂતપરા, રાજકોટ ખાતે રાખેલ છે.(૧.૨૩)

જયોતિબેન વરિયા

જુનાગઢ : અમદાવાદ નિવાસી મહેશકુમાર ગોકળદાસભાઇ વરીયાના ધર્મપત્નિ જયોતિબેન (ઉ.વ.૪૨) તે વિઠ્ઠલદાસભાઇ મોહનભાઇ સંચાણીયા શ્રીનાથજી પ્રોવીઝન સ્ટોર્સવાળાની પુત્રીનું તા.૨ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૪ના રોજ શનિવારે પદમાવતી હોલ કાળવા ચોક (નિવાસ સ્થાનની સામે) જુનાગઢ મુકામે સાંજે ૪ થી ૬ રાખેલ છે.(૧.૨૬)

લલિતચંદ્ર ભટ્ટ

માણાવદર : વિસનગરા નાગર બ્રાહ્મણ લલિચંદ્ર દલપતરામભાઇ ભટ્ટ (ઉ.વ.૯૭) તે જયંતીભાઇ ગુલાબરાયભાઇ ભટ્ટના બનેવીનું અમેરિકા મુકામે અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું શનિવાર તા.૪ના સાંજે ૪ થી ૬ જયંતીભાઇ ભટ્ટ, તબેલા શેરી, માણાવદર ખાતે રાખેલ છે.(૧.૨૭)

બેસણું

શ્રી શંભુભાઇ કે. ચોવટીયાના માતૃશ્રી શાંતાબેન કરમશીભાઇ ચોવટીયાનું તા. ૨-૭-૦૯ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનાં આત્માની શાંતિ તથા શ્રદ્ધાંજલીરૂપે બેસણું તા. ૬-૭-૦૯ સોમવારે સમયઃ ૪ થી ૬ અમારા નિવાસ સ્થાને હિરપરા વાડી, નવયુગ સ્કુલ પાસે, ધોરાજી. તથા સરગવાડા મુકામે તા. ૪-૭-૦૯ શનિવાર સમયઃ ૪ થી ૮ સાંજે રાખેલ છે.

લી.
શંભુભાઇ કે. ચોવટીયા
મયુર પાઉંભાજી ધોરાજી

શ્રધ્ધાંજલી

'જય જીવંતિકા'



શ્રી જયઅંબેલાલ કલ્યાણજી દવે
જીવંતિકાચાર્ય - જીવંતિકા આદ્યસ્થાન - રાજકોટ.

અમારા અંતરમાં અંબાની અખંડ જયોત જગાવનાર
પ.પૂ. શ્રી જયઅંબેલાલભાઇને
અમારા કોટી કોટી વંદન સાથે સહુને અમારા જય અંબે.

જીવંતિકા મહિલા મંડળ
કોઠી કમ્પાઉન્ડ - જંકશન
ગાયકવાડી પ્લોટ - રાજકોટ.

ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ સીતારામ

''જય નાગેશ્વરીમાં''

સ્વ. સવિતાદેવી મુળદાસજી મેસવાણીયા
(રામમઢી સુરત)
સ્વ. દેવપોઢી એકાદશી

આપના સત્કર્મોની મહેક હંમેશા જીવંત રહેશે આપે પ્રગટાવેલ પરમાર્થની જયોત વર્ષો સુધી પ્રકાશવંત રહેશે.
.... જય સીયારામ.

લી.
અરૂણા ગંગારામ ગોંડલીયા
જનક ગંગારામ ગોંડલીયા
સંતરામ મઢી - કેશોદ

● સી.કે. દેવાણી ફોનઃ૨૩૭૩૭૩-૯૩૭૪૬ ૦૪૫૨૦

દુઃખદ અવસાન

સ્વ.રાણા સામત ઓડેદરા
સ્વ.તા.૧-૭-૨૦૦૯

અમારા પિતાશ્રી રાણા સામન ઓડેદરા ઉ.વ.આ.૭૬નું તા.૧-૭-૨૦૦૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરીએ છીએ.

લી.
નાગાજણ રાણાભાઇ ઓડેદરા
દુલાભાઇ રાણાભાઇ ઓડેદરા
વિજય રાણાભાઇ ઓડેદરા
તથા સહ પરિવાર

ત્રીજી પૂણ્યતિથિએ

હૃદયાંજલિ



જીવનની હરપળ હસતાં રહ્યા,
સ્નેહથી સૌનાં હૈયે વસતા રહ્યા,
આશા અને અરમાનોની શ્રેષ્ઠક્ષણોમાં
જીવન જીવ્યા ટૂંકું, પણ ઉત્તમ જીવી ગયા,
સર્વત્ર સુવાસ ફેલાવી,
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
પ્રભુ આપના દિવંગત આત્માને
ચિર શાંતિ અર્પે એ જ અભ્યર્થના...

સ્વ. દિનેશ ભગવાનજી જોષી
સ્વ. તા. ૩-૭-૨૦૦૬

એક્ટીવ એડવર્ટાઇઝર એન્ડ ડિઝાઇનર
ભગવાનજી સુખલાલ જોષી (બોડા) ✿ લીલાવતિ બી. જોષી
રીના દિનેશ જોષી ✿ ધાર્મિક અને દર્શન ડી. જોષી
રાજેશ્રી હિમાંશુકુમાર જોષી
જોષી પરિવાર તેમજ લહેરૂ પરિવાર નાં જય શ્રી કૃષ્ણ.

શ્રધ્ધાંજલિ

સ્વ. જલારામભાઇ કે. પુજારા
સ્વ. તા.૨૯-૦૬-૨૦૦૯

ઝળહળતાં રત્નોનો ઉજાસ છોડી,
છોડી સ્વજનોનો સાથ,
વસ્યા જઇ પ્રભુને આવાસ,
અમ હૈયાને હવે રહેશે તમ,
સ્મૃત્તિના સંગાથ,
સરળતા, સેવા અને
સમર્પણની સાક્ષાત મૂર્તિને
સહુના અંતઃકરણમાં સ્મરણરૂપે
આપનું નામ સદાય ધબકતું રહે..

લી.
દરીયાલાલ સેલ્સ, સંત કબીર રોડ, રાજકોટ
કિશોરભાઇ પટેલ-જયેશભાઇ પટેલ-ભાવેશભાઇ પટેલ

ચોથી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

૧ઉ ૧ઉ

સ્વ.ગુરૂદેવસિંઘ એચ. બેન્સ
સ્વ.તા.૩-૭-૨૦૦૫ ગામઃમોરબી

મૃત્યુથી જીવનનો અંત આવે છે. પરંતુ સંબધોનો નહી. સંબંધો તો રહી ગયેલા માનવામાં તરફડયા કરે છે. નિખાલસ પરોપકારી સ્વભાવ તમારો સર્વે માટેનો સ્નેહ અને મીઠા સંભારણા સદાય તમારી યાદ અપાવશે. જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહી વિદાય એવી લીધી કે કયારેય વિસરાય નહિ. પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ગુરૂદીપકૌર ગુરૂદેવસિંઘ બેન્સ, સ્વ. સતનામસિંઘ ગુરૂદેવસિંઘ બેન્સ
દલવાઘસિંઘ ગુરૂદેવસિંઘ બેન્સ, મીનાબેન - ગુડ્ડીબેન
જસપાલસિંઘ, સિમરનજીતસિંઘ, ગુરૂતેજસિંઘ, હરપ્રિત કૌર,
કુલદીપકૌર, સન્ની, મોના, હીતુ, બોલી

ગુરૂનાનક પંજાબ ટ્રાન્સપોર્ટ- મોરબી-૨
દેવદિપ રોડલાઇન્સ- મોરબી-૨
શેર-એ પંજાબ હોટેલ- મોરબી-૨
ગુરૂતેજ-વે-બ્રીજ-મોરબી-૨